CAREERINDIA

**103.** ‘દીનતા’ શબ્દનો સમાનાર્થી શોધો.

(1) ધનિકતા (2) પાપાચાર (3) વફાદારી (4) ગરીબી

**104.** કવિ કઈ જ્યોતિ બૂઝવાની વાત કરે છે ?

(1) શ્રદ્ધાની (2) વાસનાની (3) મીણબત્તીની (4) ફાનસની

**105.** ‘લોકૈષણા’ શબ્દનો સાચો સંધિવિગ્રહ ક્યો ?

(1) લોક+અષણા (2) લોકા+એષણા (3) લોકે+ષણા (4) લોક+ઈચ્છા

**106.** અહીં એક પાઠ અથવા થોડાં વિધાનો આપ્યા છે તે ક્યા ભાષાજૂથનું પ્રતિનિધિત્વ કરે છે તે શોધો.

ભારતના બંધારણમાં પ્રત્યેક મનુષ્યને સમાન ગણવામાં આવે છે. અર્થાત્, સ્ત્રી અને પુરુષ, તમામ જાતિ, ધર્મ, કબીલાના લોકો અને શૈક્ષણિક કે સામાજિક પૃષ્ઠભૂમિ ધરાવતા દેશના તમામ નાગરિકો સમાન છે. એનો અર્થ એ નથી કે અસમાનતા નથી પણ સ્વતંત્ર ભારતમાં કમ સે કમ સૌની સમાનતાનો સિદ્ધાંત સ્વીકારવામાં આપ્યો છે.

(1) કાનૂની જૂથ (2) વૈજ્ઞાનિક જૂથ (3) રાજકીય જૂથ (4) સમાજશાસ્ત્રીય જૂથ

**107.** ભાષાની બોલી સંદર્ભે નીચેનામાંથી ક્યુ સાચું છે?

(1) બોલી મોટી અને ભાષા નાની હોય છે

(2) ક્યારેક વિવિધ સમાજજૂથો એક જ ભાષાની વિભિન્ન બોલીઓ બોલતા હોય છે

(3) પ્રદેશાનુસાર બોલીઓનું વૈવિધ્ય હોય છે

(4) એક ભાષાની જુદીજુદી બોલીઓ બોલનારા લોકો બીજાની બોલી સમજી શકે છે

**108.** નીચેનામાંથી કોને સ્વીકૃતિદક્ષતા તરીકે ઓળખવામાં આવે છે ?

(1) સંભાષણ અને લેખન (2) શ્રવણ અને વાંચન

(3) શ્રવણ અને લેખન (4) વાંચન અને સંભાષણ

**109.** નીચેનામાંથી કઈ ભાષા ક્લાસિકલ નથી ?

(1) તેલુગુ (2) હિન્દી (3) તમિળ (4) સંસ્કૃત

**110.** વિદ્યાર્થીની સાતત્યપૂર્ણ શિક્ષણપ્રક્રિયાને શું કહેવાય ?

(1) પ્રોફિસિઅન્સી મૂલ્યાંકન (2) નિદાનાત્મક કસોટી

(3) પોર્ટફોલિયો (4) સાતત્યપૂર્ણ સમીક્ષાત્મક મૂલ્યાંકન

**111.** નીચેનામાંથી કઈ બાબત સંકલિત શિક્ષણદક્ષતાને પ્રોત્સાહિત કરે છે ?

(1) પ્રોજેક્ટ વર્ક (2) લેખ લખવો (3) રોલ પ્લે (4) અસાઈનમેન્ટ

**112.** સંભાષણ પ્રવૃત્તિના એક કાર્ય (ટાસ્ક) માટે છઠ્ઠા ધોરણની શિક્ષિકા નીચે મુજબની ચીજ તૈયાર કરે છે.

‘રણ અને તેના હવામાનની સ્થિતિ વિશે પાંચ વાક્યો બોલો.’

આ ટાસ્ક (કાર્ય) યોગ્ય છે કે અયોગ્ય તે નીચેના વિકલ્પોમાંથી પસંદ કરો.

(1) આમાંના કેટલાંક વિદ્યાર્થીઓ રણ વિશે અજાણ હોઈ શકે એટલે આ ટાસ્ક યોગ્ય નથી

(2) રણ અને એના હવામાન વિશેની જાણકારી નહીં હોવાથી એમાં પૂર્વાપરનો અભાવ છે એટલે આ ટાસ્ક અયોગ્ય છે

(3) વિદ્યાર્થીઓ રણ વિશે ભૂગોળમાં ભણ્યા હશે અને એ અંગે જાણવા હશે તેથી આ ટાસ્ક યોગ્ય છે

(4) આ ટાસ્ક દ્વારા વિદ્યાર્થીઓને બોલવાની તક મળે છે અને અહીં રણ વિશે બોલવાની તક છે માટે યોગ્ય છે

www.careerindia.com

CAREERINDIA

**113.** ભાષાશિક્ષણમાં વ્યવસ્થિત સક્ષમતા (સિસ્ટેમિક કોમ્પીટન્સ) એટલે શું ?

(1) તમામ ભાષાઓની સંરચન વ્યવસ્થા સમાન હોય છે એવી સમજણ

(2) માનવમાં બધી જ ભાષાઓની વ્યવસ્થા હોય છે એવી સમજણ

(3) વ્યવસ્થા તરીકે કામ કરતી ભાષાની સમજણ અને ઉપયોગિતા

(4) ભાષાની વ્યાકરણ વ્યવસ્થાની સમજણ સાથે ભાષાનો ઉપયોગ અને સમજ

**114.** છઠ્ઠા ધોરણની શિક્ષિકા વિદ્યાર્થીઓને એમના પૂર્વજ્ઞાન અને અનુભવને સંકલિત કરવા માટે એમની પાસે એક વોર્મ અપ પ્રવૃત્તિ કરાવે છે અને પાઠ ભણાવતા પહેલા વાર્તામાંના રેખાંકનો જોવાનું કહે છે. શિક્ષિકા આ પ્રકારે પોતાના વિદ્યાર્થીઓ પાસેથી શું અપેક્ષા રાખી રહી છે?

(1) વાર્તા વિશે અનુમાન કરવાની (2) રેખાંકનો સમજવાની

(3) રેખાંકનો દ્વારા વાર્તાના તાદશીકરણની (4) રેખાંકનોની કદર કરવાની

**115.** વિદેશી ભાષાના શિક્ષણ સંદર્ભે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં નીચેનામાંથી શેનો નિર્દેશ નથી ?

(1) ત્રિભાષી ફોર્મ્યુલામાંની ત્રણ ભાષાઓમાં વિદેશી ભાષાઓનો સમાવેશ નથી કરાયો

(2) ફ્રેન્ચ ભાષા વધારાના વિકલ્પ તરીકે ભણાવવાનું સૂચન કરાયું છે

(3) માધ્યમિક સ્તરે એક વધારાના વિકલ્પ તરીકે વિદેશી ભાષાઓનો અભ્યાસ

(4) ત્રિભાષા ફોર્મ્યુલા તળે વિદેશી ભાષાઓના અભ્યાસનો સમાવેશ

**116.** સાંદર્ભિક વ્યાકરણ શીખવવા સંદર્ભે નીચેનામાંની પદ્ધતિને શું કહેવાય ?
'ભાષા ઘટકોને સંદર્ભ સાથે પરિચિત કરાવવા, વિદ્યાર્થીઓને ભાષાઘટકોની નોંધ લેતા કરવા, વાસ્તવિક જીવનમાં એમને એનો ઉપયોગ કરવા સક્ષમ બનાવવા અને ભાષારૂપ પ્રત્યે વિદ્યાર્થીઓનું ધ્યાન દોરવું તે'.

(1) ડિસ્કવરી પદ્ધતિ (2) સભાનતાવૃદ્ધિ (3) સ્કીમાનું સર્જન (4) નિગમનાત્મક પદ્ધતિ

**117.** ભાષાવિષયક જ્ઞાન એટલે શું ?

(1) વ્યાકરણનું જ્ઞાન (2) પદ્ધતિશાસ્ત્રીય સક્ષમતા

(3) ડિક્લેરેટિવ જ્ઞાન (4) પ્રક્રિયાત્મક જ્ઞાન

**118.** પાંચમા ધોરણની શિક્ષિકા અપર્ણા સમજે છે કે શ્રવણ પ્રક્રિયામાં દરેક ધ્વનિ, શબ્દ, વાક્ય વગેરે વક્તવ્ય કે કેસેટના અર્થઘટન માટે મહત્વના છે. શ્રવણશિક્ષણ માટે તે કઈ પદ્ધતિ કે અભિગમમાં માને છે ?

(1) ટોપ ડાઉન અને ઉર્ધ્વમૂલ-બંનેમાં (2) બંનેમાંથી એક પણ નહીં

(3) ટોપ ડાઉન અભિગમ (4) બોટમ્સ અપ અભિગમ

**119.** વિદેશ જતા ભારતીયો ત્યાંની ભાષા શીખી લે છે. આ પ્રેરણાને શું કહેવાય ?

(1) ચાવીરૂપ પ્રેરણા (2) એ ચાવીરૂપ કે આંતરિક એકપણ પ્રેરણા નથી

(3) અંગીભૂત અને ચાવીરૂપ પ્રેરણા (4) આંતરિક પ્રેરણા

**120.** 'સામગ્રીની અધિકૃતતા' એટલે ...

(1) વાસ્તવિક જીવનના વિષયો પર લખાયેલી કે વિકસાવાયેલી સામગ્રી

(2) વિદ્યાર્થીઓ દ્વારા ઘરેથી લાવેલી સામગ્રી

(3) પોતાના વર્ગ માટે શિક્ષિકાએ લખેલી સામગ્રી

(4) અધિકૃત વ્યક્તિઓએ લખેલી કે વિકસાવેલી સામગ્રી

www.careerindia.com

CAREERINDIA

**132.** રચનાત્મકતા ક્યાં કામ લાગે છે ?

(1) સાહિત્યમાં (2) જીવનઘડતરમાં (3) વાંચનમાં (4) ખેલકૂદમાં

**133.** 'સંકળાયેલા જ રહેવા...' વાક્યમાં કઈ વ્યાકરણગત વિશેષતા છે ?

(1) નિપાત (2) રૂઢિપ્રયોગ (3) અલંકાર (4) સ્વરભાર

**134.** 'ઉન્નત' શબ્દનો વિરોધાભાસી શબ્દ આપો.

(1) અવનત (2) ઉપમેય (3) સુન્નત (4) મન્નત

**135.** 'બાળરત્ન કદી પોતાનું તેજ...' વાક્યમાં કયો અલંકાર છે ?

(1) રૂપક (2) ઉત્પ્રેક્ષા (3) ઉપમા (4) વ્યાજસ્તુતિ

**136.** રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020 માં સૂચવાયેલા ક્લાસિક ભાષાના અભ્યાસ સંદર્ભે નીચેનામાંથી ક્યુ વાક્ય સાચું છે ?

(1) પ્રાથમિક સ્તરે ક્લાસિકલ ભાષાનો અભ્યાસ

(2) માધ્યમિક સ્તરે મુખ્ય ભાષા તરીકે ક્લાસિકલ ભાષાનો અભ્યાસ

(3) માધ્યમિક સ્તરે વધારાના વિકલ્પ તરીકે ક્લાસિકલ ભાષાનો અભ્યાસ

(4) ત્રિભાષા ફોર્મ્યુલા તળે એક વિકલ્પ તરીકે ક્લાસિકલ ભાષાનો અભ્યાસ

**137.** વર્ગખંડ માટે એક પ્રોજેક્ટકાર્યને કરવામાં અને એની અભિકલ્પના કરવામાં નીચેનામાંથી ક્યા તબક્કા/સ્તર યોગ્ય ગણાય તે શોધો.

(1) જૂથોનું ગઠન, વિષય પસંદગી, પ્લાનિંગ, ડેટા કલેક્શન, ડ્રાફ્ટલેખન, ડેટા અર્થઘટન અને અંતિમ અહેવાલ

(2) શિક્ષક અને વિદ્યાર્થીઓ પોતાની મરજી મુજબનો પ્રોજેક્ટ કરી શકે

(3) જૂથોની રચના, પ્લાનિંગ (યોજના), માહિતી એકત્રીકરણ, માહિતીનું અર્થઘટન, ડ્રાફ્ટલેખન, વિષયની પસંદગી અને અંતિમ અહેવાલ (રિપોર્ટ)

(4) જૂથોનું ગઠન, વિષય પસંદગી, યોજના, ડેટા કલેક્શન, ડેટા અર્થઘટન, ડ્રાફ્ટલેખન અને અંતિમ અહેવાલ (રિપોર્ટ)

**138.** સાતમા ધોરણની એક શિક્ષિકા એના વિદ્યાર્થીઓને એક વાર્તા વાંચવા આપે છે અને વિદ્યાર્થીઓ વાર્તા સમજે અને એમાં આવતા લોકોને અને સમુદાયને ઓળખે એવું ઈચ્છે છે. શિક્ષિકા કઈ બાબતને પ્રોત્સાહિત કરવા ધારે છે ?

(1) વિશ્લેષણાત્મક વાંચન (2) સાહિત્યદક્ષતા (3) ભાષા સાક્ષરતા (4) સમીક્ષાત્મક સાક્ષરતા

**139.** ભાષા સંદર્ભે નીચેનામાંથી ક્યુ ખોટું છે ?

(1) ભાષા એટલે માનવજ્ઞાનના સરવાળામાં થોડું ઉમેરણ

(2) કેટલીક ભાષાઓ વિજ્ઞાન અને ઈજનેરીને માટે જ આનુકૂળ છે

(3) ભાષા એ પરિચયને અભિવ્યક્તિ આપે છે

(4) ભાષા એ ઈતિહાસનો ભંડાર છે

www.careerindia.com

CAREERINDIA

**140.** વિદ્યાર્થીઓ ભાષાને એક વ્યવસ્થા તરીકે સમજે અને પ્રયોજે છે તે ...

(1) સામાજિક ભાષાશાસ્ત્રીય સક્ષમતા છે (2) પદ્ધતિશાસ્ત્રીય સક્ષમતા છે

(3) પ્રત્યાયનલક્ષી સક્ષમતા છે (4) વ્યવસ્થિત સક્ષમતા છે

**141.** વિદ્યાર્થિની નબળાઈ અને ક્ષમતા પારખવા માટેનું ધ્યેય ધરાવતી કસોટીને શું કહેવાય ?

(1) નિદાનાત્મક કસોટી (2) ફોર્મેટિવ કસોટી

(3) હેતુલક્ષી કસોટી (4) વેલિડિટી કસોટી

**142.** ભારતના બંધારણમાં અંગ્રેજી ભાષાને કેવું સ્થાન આપવામાં આવ્યું છે ?

(1) વિદેશી ભાષા (2) કાનૂની સંસ્થાઓની ભાષા

(3) રાજભાષા (4) સહયોગી રાજભાષા

**143.** સાતમા ધોરણની શિક્ષિકા વિદ્યાર્થીઓને એક વ્યક્તિના વર્ણનનું ટાસ્ક લખવા માટે આપે છે. તે બહાર જઈને, હાથમાં ટોપલા સાથેના એક ફેરિયાને વર્ગમાં લઈ આવે છે. તે ફેરિયાને સાત મિનિટ માટે વર્ગમાં રહેવાની વિનંતી કરે છે અને જોડીઓ બનાવીને આ વ્યક્તિનું વર્ણન લખવાનું કહે છે. આ પ્રવૃત્તિમાં ફેરિયાને શું કહેવાય ?

(1) પ્રવૃત્તિમાં સહભાગી (2) સામગ્રી (3) શિક્ષણ સહાયક (4) ફેરિયો

**144.** શ્રવણ કે સાંભળવા અંગેના ટોપ ડાઉન અભિગમમાં શેનો સમાવેશ થાય છે ?

(1) ભાષણ/વક્તવ્ય, પાઠ કે ધ્વનિમુદ્રણના કેન્દ્રવર્તી વિચારને સાંભળવાનો

(2) પ્રત્યેક ધ્વનિ, શબ્દ, વાક્યાંશ, વાક્યપદ અને વાક્યોને સાંભળવાનો

(3) ચોક્કસ વિગતો પર વિશેષ ધ્યાન આપવાનો

(4) ભાષણ, પાઠ કે ઓડિઓ (ધ્વનિમુદ્રણ) નો સંક્ષેપ સાંભળવાનો

**145.** અદિતિને પૂર્ણ ભૂતકાળ અંગેની જાણકારી છે પણ એ તેનો વાક્યમાં ઉપયોગ કરી શકતી નથી. તેની પાસે ક્યુ જ્ઞાન છે?

(1) ડિક્લેરેટિવ જ્ઞાન (2) જ્ઞાનનું અમલીકરણ

(3) ભાષા સંપ્રાપ્તિ પ્રયુક્તિ (4) પ્રક્રિયાગત જ્ઞાન

**146.** કરણ અને કૃપા બંને જોડિયા છે અને મણિપુરી ભાષાની એક બોલી બોલે છે છતાં બંનેની છટા ભિન્ન છે. જુદીજુદી છટાવાળી બોલી બોલવાની આ પ્રક્રિયાને શું કહેવાય ?

(1) સ્પીચ એક્ટ (2) મણિપુરી (3) ઈડિયોલેક્ટ (4) ડાઈલેક્ટ

www.careerindia.com

